જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૯૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩૬ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૯૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૯૪/૨૦૨૫**

રામોલઃ રાકેશકુમાર તેજબહાદુર ક્ષત્રિય (ઉ.વ.૩૬)(રહે.શાશ્વત મહાદેવ–૦૨, સુર્યમ ગ્રીન પાસે, ન્યુ આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બેડરૂમની તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– મતાના ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૪૯૫/૨૦૨૫**

રાણીપઃ રંજનાબહેન વા/ઓ અંકીતભાઈ જૈન (ઉ.વ.૩૮)(રહે, રોનકપાર્ક સોસાયટી, અંબીકા ચાર રસ્તા પાસે, રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે રાણીપ રોનકપાર્ક સોસાયટી પોતાના મકાનની બહાર રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી રંજનાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૨,૨૦,૦૦૦/– મતાની ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

ફટાકડાથી ઈજા થતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૪૯૬/૨૦૨૫**

સાબરમતીઃ તા.૨૧/૧૦/૨૦૨૫ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી ન્યુ રાણીપ ચેનપુર રોડ મેઘા આર્કેડ ખાતે રહેતા મિનેશભાઈ પુરોહીતની ૧૬ વર્ષની પુત્રી પોતાની સોસાયટીના ગેટ ની બાજુમાં ફટાકડા ફોડતા હતા ત્યારે માથાના ભાગે ફટાકડો ફુટતા, ગંભીર ઈજા થતા સારવાર માટે તેમને સાયન્સ સીટી રોડ, સોલા "સીમ્સ હોસ્પીટલ" ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૧૦/૨૦૨૫ સાંજના ૬/૨૫ વાગે મિનેશભાઈની પુત્રીનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.રાઓલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૯૭/૨૦૨૫**

નિકોલઃ નિકોલ નેશનલ હેડલૂમ સામે, આર્કેડ કોમ્પલેક્ષ ખાતે આવેલ હોટલ કાલ્પ એંજલ ખાતે કામ કરતા અને ત્યાંજ રહેતા કલ્યાણમલ રૂપલાલ મીણા (ઉ.વ.૧૮)(મુળ વતનઃ– આતમના ફળા દાતરડી તાઃ ઈટારડી જી.ઉદેપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૪ ના કલાક ૪/૧૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે હોટલ કાલ્પ એંજલ ના રૂમ નંબર– ૫૦૧ ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર ગણપતસિહ ચલાવે છે.

નારોલઃ દીપક જગદીશભાઇ વ્યાસ (ઉ.વ.૪૧)(રહે.નવરંગ ટેનામેન્ટ સોસાયટી વિભાગ–૧ પાર્થેશ્વર મંદીર પાછળ ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૫ રાતના ૧૧/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે બેડરૂમમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદનસિંહ રઘુનંદનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી